પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 17.11.2026 **MORNING: 7.45 TO 7.55**
Day: TUESDAY **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ફિલિપાઇન્સમાં 23મી આસિયાન-ભારત સમિટ અને 21મી પૂર્વ એશિયા સમિટમાં હાજરી આપશે.

2) ફિલિપાઇન્સના મનીલામાં આજે ક્વાડ નેતાઓની ચતુર્ભુજ સુરક્ષા સંવાદ બેઠક પણ યોજાશે.

3) ભારત આંતરરાષ્ટ્રીય ટેલિકોમ્યુનિકેશન યુનિયન કાઉન્સિલના સભ્ય તરીકે ફરીથી ચૂંટાયું.

4) બદ્રીનાથ ધામના કપાટ બંધ થવા સાથે આ વર્ષની ચારધામ યાત્રા પૂર્ણ.

5) SAFF ફૂટબોલ ચેમ્પિયનશિપની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

PM MODI-MANILA SUMMITS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ફિલિપાઇન્સની રાજધાની મનીલામાં 23મી આસિયાન-ભારત સમિટ અને 21મી પૂર્વ એશિયા સમિટમાં હાજરી આપશે. 2026 માટે આસિયાન અધ્યક્ષ પદ સંભાળી રહેલા ફિલિપાઇન્સે બંને સમિટનું આયોજન કર્યું છે

સાંભળીએ એક અહેવાલ.....

VC: ISHFAQ-ASEAN

QUAD MEETING

ફિલિપાઇન્સના મનીલામાં આસિયાન સમિટ દરમિયાન, આજે ક્વાડ નેતાઓની ચતુર્ભુજ સુરક્ષા સંવાદ બેઠક પણ યોજાશે. ક્વાડ જૂથમાં ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમાવેશ થાય છે.

વ્હાઇટ હાઉસના સહાયક પ્રેસ સચિવે જણાવ્યું હતું કે, નેતાઓ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે સહિયારા હિતો પર ચર્ચા કરશે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વર્તમાન કાર્યકાળ હેઠળ ક્વાડ નેતાઓની આ પહેલી બેઠક હશે. અગાઉની બેઠક સપ્ટેમ્બર 2024માં ડેલવેરમાં તત્કાલીન અમેરિકી પ્રમુખ જો બિડેનની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

INDIA-RE-ELECTED-ITU-COUNCIL

ભારત ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન કાઉન્સિલમાં ફરીથી ચૂંટાયું છે. કતારના દોહામાં આયોજિત ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન પ્લેનિપોટેન્શરી કોન્ફરન્સ 2026માં, ભારત આગામી કાર્યકાળ માટે ચૂંટાયું છે.

ડિજિટલ ભવિષ્ય પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, મિશનએ જણાવ્યું હતું કે ભારત કનેક્ટેડ, સમાવિષ્ટ, સુરક્ષિત અને ટકાઉ ડિજિટલ ભવિષ્ય તરફ તમામ સભ્ય દેશો સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

8 ઓક્ટોબરના રોજ, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે ભારતનું ટેલિકોમ ક્ષેત્ર હવે નેટવર્ક, સ્પેક્ટ્રમ અને ઇન્ટરનેટ સ્પીડ સુધી મર્યાદિત નથી, પરંતુ મોબાઇલ કનેક્ટિવિટી હવે શાસન અને જાહેર સેવાઓની પહોંચ માટે એક મુખ્ય સાધન બની ગયું છે.

SITHARAMAN - US PARTNERSHIP FORUM

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમના પ્રતિનિધિમંડળ સાથે બેઠક મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન, શ્રીમતી સીતારમણે ભારતની મજબૂત આર્થિક ગતિ અને સકારાત્મક આર્થિક સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

પ્રતિનિધિમંડળે સંશોધન અને વિકાસ સહિત ભારતમાં સતત રોકાણ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. જે ભારતના વિકાસ અને નવીનતા ઇકોસિસ્ટમમાં તેમના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

SUPREME COURT

સર્વોચ્ચ અદાલતે યમુના નદીમાં ઔદ્યોગિક પ્રદૂષણ પર ચિંતા વ્યક્ત કરી છે. અદાલતે જણાવ્યું કે ગટરના પાણીને શુદ્ધિકરણ વિના નદીમાં પ્રવેશતા અટકાવવા માટે તેના સ્ત્રોત પર જ તેનું નિયંત્રણ કરવું જોઈએ.

ન્યાયાધીશ મનોજ મિશ્રા અને મનમોહન સિંહની બેન્ચે જ્યાં યમુના વિવિધ રાજ્યોમાં પ્રવેશ કરે છે અને બહાર નીકળે છે ત્યાં પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને નિર્દેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે, જો કોઈપણ અધિકારક્ષેત્રમાંથી પસાર થતી વખતે નદીની પાણીની ગુણવત્તા બગડે છે, તો સંબંધિત અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવશે અને દંડ કરવામાં આવશે.

બેન્ચે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને માછલીઓના મૃત્યુ, પાણીની સપાટી પર તરતા સફેદ ફીણ અને શેવાળના ફૂલ સહિત પ્રદૂષણની ઘટનાઓની તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. આ મામલે આગામી સુનાવણી આવતા વર્ષની 13 જાન્યુઆરીએ થશે.

આ સાથે સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર સરકારના જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોની રોટેશનલ ફાળવણીના નિયમને પડકારતી અરજી ફગાવી દીધી છે.

AKASHVANI-RISING-STARS

આકાશવાણી આજથી 30 વર્ષથી ઓછી ઉંમરના યુવા કલાકારો દ્વારા ખાસ સંગીત કાર્યક્રમોની રાષ્ટ્રવ્યાપી શ્રેણી “આકાશવાણી રાઈઝિંગ સ્ટાર્સ" ની પ્રથમ આવૃત્તિ શરૂ કરશે.

આ સંગીત શ્રેણીના પ્રથમ સંસ્કરણમાં દેશભરના 26 સ્ટેશનો પર કોન્સર્ટ રજૂ કરવામાં આવશે, જે આજથી શરૂ થશે અને આ મહિનાની 30મી તારીખે સમાપ્ત થશે. આ કાર્યક્રમો યુવા અને ઉભરતા સંગીત કલાકારોને તેમની પ્રતિભા દર્શાવવા અને વિશાળ પ્રેક્ષકો સાથે જોડાવા માટે એક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય મંચ પૂરું પાડશે.

"આકાશવાણી રાઇઝિંગ સ્ટાર્સ" નો ઉદ્દેશ્ય કલાકારોની નવી પેઢીને પ્લેટફોર્મ પૂરું પાડીને આ ગૌરવપૂર્ણ પરંપરાને આગળ ધપાવવાનો છે. તે આકાશવાણીની સંગીત પ્રતિભાને ઓળખવા, પ્રોત્સાહન આપવા અને સંવર્ધન કરવા માટેની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

BADRINATH-CLOSURE

ઉત્તરાખંડમાં, આ વર્ષની ચારધામ યાત્રા ગઈકાલે બદ્રીનાથ ધામના કપાટ બંધ થવા સાથે પૂર્ણ થઈ છે

ધાર્મિક પરંપરાઓ અનુસાર વૈદિક મંત્રોચ્ચાર અને સંપૂર્ણ વિધિઓ સાથે મંદિરના કપાટ બંધ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંદિર સંકુલમાં મોટી સંખ્યામાં ભક્તો હાજર હતા. પરંપરા મુજબ, દેવી લક્ષ્મીને ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવ્યા બાદમાં, ભગવાન બદ્રી વિશાલના દરવાજા શિયાળાની ઋતુ માટે બંધ કરવામાં આવ્યા હતા.

આ વર્ષની ચારધામ યાત્રા દરમિયાન, ભારત અને વિદેશથી 65 લાખથી વધુ ભક્તોએ ચાર ધામોની મુલાકાત લીધી હતી. તેમાંથી, 23 લાખથી વધુ ભક્તોએ બદ્રીનાથ ધામની મુલાકાત લીધી હતી

આ પહેલા, 11 નવેમ્બરના રોજ, કેદારનાથ ધામના કપાટ પણ સંપૂર્ણ વિધિઓ સાથે બંધ કરવામાં આવ્યા હતા. આ વર્ષે 19 લાખ 20 હજારથી વધુ ભક્તોએ કેદારનાથ ધામની મુલાકાત લીધી હતી.

SAFF-CHAMPIONSHIP

ફૂટબોલમાં, SAFF ચેમ્પિયનશિપ ફાઇનલમાં આજે ભારત, પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ બાંગ્લાદેશની રાજધાની ઢાકાના નેશનલ સ્ટેડિયમમાં રમાશે.

ભારત રેકોર્ડ 10મી વખત SAFF ચેમ્પિયનશિપ ટાઇટલ જીતવાનું લક્ષ્ય રાખશે. ભારતીય ટીમ પણ સતત ત્રીજી વખત ટુર્નામેન્ટ જીતીને ઇતિહાસ રચવાનો પ્રયાસ કરશે.

ભારતે શનિવારે સેમિફાઇનલમાં ભૂટાનને 2-1થી હરાવીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. પાકિસ્તાન પહેલી વાર SAFF ચેમ્પિયનશિપ ફાઇનલમાં પહોંચ્યું છે.

પ્રસ્તુત છે એક અહેવાલ.....

VC: SHAKTISINGH

TRUMP-QUAD-XI-TALKS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ફિલિપાઇન્સ અને ચીનના પ્રવાસે જવા રવાના થયા છે.

આ મુલાકાત દરમિયાન, તેઓ ક્વાડ નેતાઓની બેઠકમાં ભાગ લેશે અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાટાઘાટો કરશે. તેઓ રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ત્રિપક્ષીય ચર્ચા પણ કરશે. મનીલામાં, ટ્રમ્પ ક્વાડના નેતાઓ સાથે મુલાકાત કરશે.

વ્હાઇટ હાઉસના સહાયક પ્રેસ સેક્રેટરી ઓલિવિયા વેલ્સે જણાવ્યું હતું કે, ટ્રમ્પ થાઇલેન્ડ સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે. અમેરિકા-આસિયાન વિશેષ સમિટમાં ભાગ લેશે અને પ્રાદેશિક નેતાઓ સાથે રાત્રિભોજનમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. મુલાકાત દરમિયાન, તેઓ ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરશે.

ત્યારબાદ, શ્રી ટ્રમ્પ ચીનના શેનઝેન જશે, જ્યાં તેઓ એશિયા-પેસિફિક આર્થિક સહયોગ મંચની બેઠકોમાં ભાગ લેશે અને શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- સ્થાનિક અખબારોમાં મોંઘવારી અને કુગાવા અંગેની હેડલાઇન વાંચવા મળી રહી છે જેમાં ગુજરાત સમાચારે જેટ સ્પીડે વધતી મોંઘવારી : જથ્થાબંધ કુગાવો બેફામ, સંદેશમાં મોંઘવારીએ માઝા મૂકી : જથ્થાબંધ કુગાવો 12.29% અને દિવ્ય ભાસ્કરમાં મોંઘવારીનો વિકાસ :4 વર્ષમાં સૌથી વધુ 12.3% જેવા શીર્ષક પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે, જયારે ફૂલછાબે પીળું એટલું સોનું નહીં, હોલમાર્ક એટલે શુદ્ધતા નહીને હેડલાઇન બનાવી છે..
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો ડાકોર મંદિરમાં VIP કલ્ચરનો ઉગ્ર વિરોધ, ટ્રસ્ટીનો ઘેરાવો કરાયો, CM કોળી સમાજનો હોવો જોઈએ પબુભા માણેકે ભાજપની ચિંતા વધારી, હોસ્ટેલમાં રહેતી 9 માંથી 6 યુવતી ડ્રગ્સના રવાડે ચડી ગઈ, જીવલેણ અકસ્માતોમાં સુરત શહેર 19માં અમદાવાદ 61માં ક્રમે કેન્દ્રનો રિપોર્ટ, અમદાવાદથી દરભંગા માટે 20 થી 27મીએ વિશેષ ટ્રેન દોડશે અને પાંચ વર્ષમાં ગુજરાતની ટોલ આવકમાં 94.4 %જંગી વધારો જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે.